ઝીંદગીને કોઇ અહેસાન નહીં કીયા મુજ પર, હર સાંસ કી કિંમત ચૂકાઇ હૈ મૈંને
- અસાર ઇકબાલ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૩૯ | ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૫, રવિવાર ; ફાગણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં સ્વાઈન ફ્લુનો કહેર : નવા ૧૫ કેસ

## જિલ્લા આયુર્વેદિક અધિકારી દ્વારા પ્રમાણિત ઉકાળો જ પીવડાવી શકાશે

ગાંધીનગર, તા. ૨૧

જેમ જેમ સ્વાઈન ફ્લુના કેસ વધતા જાય છે તેમ તેમ લોકોમાં આયુર્વેદિક ઉકાળાનું સેવન પણ વધતું જાય છે. આ પરિસ્થિતિનો લાભ લઈ ઘણી જગ્યાએ આવા ઉકાળાના નામે પ્રજા પાસેથી રૂપિયા લઈ ઉતરતી ગુણવત્તાનો ઉકાળો પીવડાવવામાં આવી રહ્યો છે તેવું જિલ્લા આયુર્વેદિક અધિકારી ડૉ. ભાવનાબેન પટેલે જણાવ્યું હતું. આ સંજોગોમાં આયુર્વેદિક ઉકાળાનો વેપરો ન બની જાય છે માટે તકેદારીના ભાગરૂપે ઉચ્ચ ગુણવત્તાવાળો ઉકાળો પ્રજા સુધી પહોંચે તે માટે જિલ્લામાં ઉકાળો પીવડાવવા માંગતી કોઈપણ વ્યક્તિ કે સંસ્થાએ પ્રથમ જિલ્લા આયુર્વેદિક અધિકારીની કચેરીએથી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. આ પ્રમાણપત્ર મેળવવા આયુર્વેદિક અધિકારીને મો. ૯૪૨૮૦ ૩૦૫૯૯ પર સંપર્ક સાધવાનો રહેશે.

## જિલ્લામાં અત્યાર સુધી ૧૦૯ કેસ નોંધાયા : ૫૧ દાખલ, ૩ વેન્ટીલેટર પર સારવાર હેઠળ : ૪૫ દર્દીઓને રજા અપાઈ

ગાંધીનગર, તા. ૨૧

સમગ્ર રાજયમાં સ્વાઈન ફ્લુના રોગચાળાએ કહેર વર્તાવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં પણ સ્વાઈન ફ્લુનું જોર હળવુ થતું નથી. આજે પણ જિલ્લામાં સ્વાઈન ફ્લુના નવા ૧૫ કેસો નોંધાયા છે. અત્યાર સુધી સ્વાઈન ફ્લુના કુલ કેસ ૧૦૯ થયા છે. જ્યારે મૃત્યઆંક પણ ૧૩ પર પહોંચ્યો છે. આજે નવા નોંધાયેલા ૧૫ કેસો પૈકી ૨ કેસ ગાંધીનગર શહેરી વિસ્તારના છે.

સ્વાઈન ફ્લુનો રોગચાળો વકરતા નાગરિકોમાં ભયનું મોજુ પ્રવર્ત્યુ છે. દિન-પ્રતિદિન સ્વાઈન ફ્લુના નવા નવા કેસો અસ્તિત્વમાં આવતા રોગચાળાએ કહેર મચાવ્યો છે. સ્વાઈન ફ્લુને લીધે ગુજરાતમાં મૃત્યુઆંક ૧૮૨ પહોંચ્યો છે. જ્યારે ગાંધીનગર જિલ્લામાં પણ ૧૩ વ્યક્તિઓ સ્વાઈન ફ્લુના લીધે મોતને ભેટ્યા છે. ગાંધીનગર જિલ્લામાંથી આજે પણ સ્વાઈન ફ્લુના નવા ૧૫ દર્દીઓ નોંધાયા છે. જેમાં ગાંધીનગર-તાલુકામાં ૧૦, દહેગામમાં-૨, માણસામાં ૧ અને કલોલમાંથી-૨ દર્દીઓને સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનુ ધ્યાને આવ્યું છે. જેના પરિણામે ગાંધીનગર જિલ્લામાં

● અનુસંધાન પાન-૭ પર

# આજે પલ્સ પોલિયો અભિયાન

## બીજા રાઉન્ડમાં જિલ્લાના બે લાખથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે : ૮૦૦થી વધુ બુથ ઉભા કરાશે

ગાંધીનગર, તા. ૨૧

આજે ગાંધીનગર જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનનો બીજો રાઉન્ડ યોજાશે. જે માટે આરોગ્ય તંત્રએ પૂરતી તૈયારીઓ કરી લીધી છે. જિલ્લાના બે લાખથી વધુ બાળકો જે ૦ થી ૫ વર્ષની આયુના છે તેમને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયો અભિયાન માટે ૧૦૭ જેટલા બુથ ઉભા કરાશે. તો ગ્રામ્ય વિસ્તારમાં ૭૨૦થી વધુબુથ ઉભા કરવામાં આવનાર છે. મોબાઈલ ટીમો તેમજ અંતરિયાળ વિસ્તારોમાં રહેતા શ્રમિક પરિવારોના બાળકો માટે પણ ખાસ ટીમો બનાવવામાં આવી છે.

જિલામાં પલ્સ પોલિયો અભિયાનનો પ્રથમ રાઉન્ડ જાન્યુઆરી માસમાં યોજાયો હતો.

ગાંધીનગર જિલ્લામાં પ્રથમ રાઉન્ડના પ્રથમ દિવસે જ ૯૦ ટકા જેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. આ રાઉન્ડમાં પણ આટલી જ ટકાવારી જળવાઈ રહે તે માટે કર્મચારીઓને જરૂરી સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રસીનો જથ્થો પૂરતા પ્રમાણમાં જિલ્લામાં ઉપલબ્ધ છે. તેમજ દિવાસ દરમ્યાનની ગરમીને ધ્યાને રાખી આઈસ બોકસની પણરસીનો જથ્થો રાખવા માટે વ્યવસ્થા કરવામાં આવી હોવાનું જણાવ્યું છે.

આ અભિયાન માટે ચાર તાલુકામાં ચાર જિલ્લા કક્ષાના અધિકારીઓને લાયઝન અધિકારી તરીકે પણ નિયુકત કરવામાં આવ્યા છે. તો શહેરી વિસ્તારમાં પણ આવા લાયઝન અધિકારીઓની નિયુકતી કરાઈ છે.

પોલિયા અભિયાનમાં બાળકોને બે ટીપાં પીવડાવવામાં આવે છે. જિલ્લામાં છેલ્લા દસ વર્ષમાં એક પણ પોલિયોનો કેસ નોંધાયો નથી તે ઉલ્લેખનીય છે.

ફીઝીકલ શેર્સ ?
શેર્સ નામે કરવાના બાકી ?
ખોવાઇ ગયેલા શેર્સ ?
ડીલીસ્ટેડ/અન લીસ્ટેડ શેર ?
સીગ્નેચર ડિફર ?
લેવા-વેચવા/પ્રોબ્લેમ સોલ્વ કરવા
98257 96997

પોલીસ કોન્સ્ટેબલ | તલાટી
100% ગેરંટીથી પોલીસ કોન્સ્ટેબલ અથવા તલાટીમાં નોકરી મેળવો !
નાપાસ થવાથી ફી 100% પરતની લેખિત ખાતરી સાથે...
TCCI શરૂ કરે છે (ફક્ત તલાટી / કોન્સ્ટેબલ માટે જ)
બ્રિલિયન્ટ બેચ-2015
પોલીસ કોન્સ્ટેબલ ફી માત્ર ₹ 99,000/- 100% રીફન્ડેબલ

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
| --- | --- | --- |
| 28.02.2015 | બપોરના 3-15 થી 6-15 | સોમ થી રવિ |
| 04.03.2015 | બપોરના 12-00 થી 2-00 | સોમ થી રવિ |

30000+ થી વધુ પ્રશ્નોનું સોલ્યુશન
દરરોજ 3 કલાકનું શિક્ષણ (સોમ થી શનિ)
દર રવિવારે ટેસ્ટ
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
પરીક્ષા સુધીનો કોર્ષ
તલાટી ફી માત્ર ₹ 99,000/- 100% રીફન્ડેબલ

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
| --- | --- | --- |
| 01.03.2015 | સવારના 9-00 થી 12-00 | સોમ થી રવિ |

ફક્ત ગાંધીનગર શાખા માટે જ
26.01.1994 થી 30.07.2014 સુધીમાં TCCI EDUCATION PVT. LTD. 8673 વિદ્યાર્થીઓમાંથી 7892 વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં મેળવેલ સફળતા !
TCCI EDUCATION PVT. LTD.
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સે.7/A, ગાંધીનગર
MUKESH PATEL 90990 76788
DESIGN BY | 96622 54230




